ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

સલામી સવારની..

ઉત્સવો - પર્વોનો એ અફીણી નશો પીવડાવે છે,
દિવસે તારા, રાતે સ્વપ્નાં બતાવી સૂવડાવે છે.
નવડાવે છે ટાઢે પાણીએ ચૂંટણી પત્યા પછી -
બાળક આક્રંદ કરે પછી જ 'માં' ધવડાવે છે.

હાઈકુ

સીવડાવે એ
સમાજો ના માપની -
પ્હેરાવે ટોપી !!

બીવડાવે એ
અન્ય પક્ષોનો ભય -
ભોળી પ્રજાને...

ચિંતન

ભસ્માન્તમ્ શરીરમ્ ।

ઉપરોક્ત શ્લોક ઈશોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ શરીર અંતે ભસ્મ જ છે.

આ આખું બ્રહ્માંડ સ્થૂળ રૂપથી ઈન્દ્રિયો દ્વારા અનુભવાય છે. આવા અનંત બ્રહ્માંડો પ્રલયકાળે ભસ્મીભૂત થઈ જાય છે. અહીં કશું કાયમી નથી. સતત પરિવર્તન પામતું આ જગતનું બધું જ અંતે ભસ્મ જ થવાનું છે. એક સ્ત્રી સોનાની લગડી જોતાં જ તેમાંથી બનેલા આભૂષણથી શણગારાયેલી પોતાની કાયાની કાલ્પનિક સુંદરતાને મનથી જુએ છે, તેને સોનું દેખાતું નથી, પણ દાગીનો દેખાય છે. એ જ રીતે કોઈ સ્ત્રીએ પહેરેલાં સોનાના આભૂષણોને જોઈને સોની તેમાં રહેલા સોનાને જોઈને કહે છે. 'આ સ્ત્રીએ ૧૦૦ ગ્રામ સોનું પહેર્યું છે.' અજ્ઞાની મનુષ્ય જગતમાં વૈભવો ને જોઈને કહે છે કે આ મારું ઘર છે. વગેરે.... પણ જ્ઞાનીને તો તેમાં કેવળ માટી દેખાય છે. જ્ઞાનીને સમગ્ર બ્રહ્માંડ ભસ્મરૂપ લાગે છે.

સુવિચાર

- 'જે થાય છે તે સારા માટે થાય છે' આ વાક્ય એક આધ્યાત્મિક બરનોલ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકશાહી ઉત્તમ છે પણ ચોરોમાંથી પોતાન નેતાને ચૂંટી કાઢવો તે સ્થિતિ દયનીય - **ચંદ્રકાન્ત બક્ષી**
- વાણીમાં સચ્ચાઈ અને વર્તનમાં અચ્છાઈ, એ જ છે સાચી માણસાઈ - **બોધિવૃક્ષ**
- પરમાત્મા ક્ષમાવાન છે એટલે આપણને હંમેશા પસ્તાવાની તક આપે છે - **શિવાની દીદી**
- આદર્શો એ અકસ્માતો નથી; લાંબી તપસ્યાનું અને અનેક જન્મોનું ફળ છે - **દાદા ભગવાન**
- એકાંતનું મંદિર હોય, મૌન નો ઘુમ્મટ હોય ત્યાં સદાય આનંદની ધજા ફરકતી રહે છે
  - ભૂપત વડોદરિયા
- આજનું ઔષધ : રોજ ભોરીંગણીનોરસ પીવાથી દમનો રોગ જડમૂળથી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જાણીતા ચિત્રકાર હૈદર અલી રઝાનો જન્મ ભારતના એક નાના ગામમાં થયો હતો. બાદમાં તેઓ પેરિસ જઈને વસ્યા હતા. જયારે પણ તેઓ ભારત આવતા તો પહેલા પોતાના વતનના ગામ જવાનું રાખતા. એકવાર તેઓ પોતાના ગામ ગયા ત્યાં એમના પાડોશી ખેડૂતની બળદની જોડી જોઈને ખુશ થયા. તેમણે એ ખેડૂતને પૂછ્યું કે, 'ભાઈ, તું તારા આ બળદને તારા સંતાનની જેમ સાચવતો લાગે છે.' આ બળદોની કદ-કાઠી જોઈ હૈદર અલીનો કલાકાર જીવ જાગી ઉઠ્યો. એમણે તત્કાલ એ બળદનું ચિત્ર બનાવ્યું. આ ઘટના પછી તેઓ પેરિસ ગયા. અને વળી બીજા વર્ષે પાછા પોતાના વતનમાં આવ્યા. એમણે જોયું કે ખેડૂતના બળદો એવા જ સ્વસ્થ અને સુંદર હતા. તેમણે ખેડૂતને દસ હજાર આપતા કહ્યું, 'ભાઈ આ તમારા બંને બળદો માટે મારા તરફથી ભેટ છે.' પેલા ખેડૂતે આ ભેટ સ્વિકારવાની ના પાડી દીધી. ત્યારે હૈદરઅલીએ કહ્યું, 'આ તો તમારા બળદોની સુંદરતાનું ઈનામ છે. હું છેલ્લે જયારે અહીં આવ્યો ત્યારે મેં તારા બળદની જોડીનું ચિત્ર દોર્યું હતું તે પેરિસના એક ધનિકને ખૂબ ગમ્યું હતું. તેણે એ ચિત્ર દસ હજારમાં ખરીદી લીધું હતું. આથી આ રકમ પર તો તારા બળદોનો હક્ક છે.' ત્યારે ખેડૂતે કહ્યું તો તો પેરિસનો ધનિક મૂર્ખ કહેવાય. હું તેને પાંચ હજારમાં મારી બળદની જોડી બળદગાડી સાથે વેચી નાખું.' રઝાએ ખેડૂતને સમજાવતાં કહ્યું, 'તું સાચું કહે છે. જે દિવસે સુંદરતાનું મૂલ્યાંકન ખરીદ-વેચાણ સુધી સીમિત થઈ જશે. એ દિવસે કલા મરી પરવારશે. કળાનો ઉદ્‌ભવ અને આર્વિભાવ જ સુંદરતામાં છે. ભલે પછીથી એ બળદોની જોડી હોય, ફકીરની દાઢી કે હળ જોડતા ખેડૂત.' પેલો ખેડૂત રઝાના કહેવાનો મર્મ સમજી ગયો.

નવરાત્રીની રજાઓ વાજબી છે

તંત્રીસ્થાનેથી...

નવરાત્રી એ ગરવી ગુજરાતની ઓળખ બની ગયેલું નૃત્ય પર્વ છે. ભારતભરમાં શારદીય નવરાત્ર એક યા બીજા સ્વરુપે ઊજવાય છે. પરંતુ ગુજરાતની નવરાત્રી બધા કરતાં નોખી-અનોખી છે. એમાં શક્તિ ઉપાસનાની સાથે નૃત્ય સંગીતકલાનો સમન્વય સધાતાં એને વિશ્વના સૌથી લાંબા અને મોટા નૃત્યોત્સવની ઓળખ સાંપડેલી છે. નવરાત્રી દરમિયાન શાળાઓમાં રજા રાખવાનો ગુજરાત સરકારનો નિર્ણય વાજબી ગણાવો જોઈએ. એની સામે બિનજરૂરી ઊહાપોહ કરનારા શાળા સંચાલકો અને કેટલાક વેદિયા શિક્ષકો ઘરેડ છોડવા માગતા ન હોય એથી સરકારે આ મુદ્દે ફેરવિચારણા ન જ કરવી જોઈએ. ગુજરાત સરકારે બાળકોને નવરાત્રી માણવા મળે અને શિક્ષણની સાથે સંસ્કૃતિ પર્વનો પણ પરિચય કેળવી શકાય એવી શુભ દાનતપૂર્વક આ નિર્ણય કર્યો છે. આમ પણ નવરાત્રીની ઉજવણી દરમિયાન વિદ્યાર્થીઓ ગરબા વગેરે જોવા જતા જ હોય છે. દિવસે રાતના ઉજાગરાને કારણે ભણવામાં ભલીવાર ન આવે અને બાવાનાં બેય બગડે એ કરતાં નવ દિવસનું વેકેશન મળતાં વિદ્યાર્થીઓને મોકળાશ રહેશે. તેઓ રાત્રી નૃત્યમાં ભાગ લઈ શકશે. દિવસે થોડી ઊંઘ ખેંચી શકશે અને બાકીના સમયમાં જે ભણી ગયા છે એનું મનન કરશે. શું આપણાં બાળખો તે રોબોટ છે કે એમને સતત ભણવાના જ કમાંડ આપી કિતાબના કીડા બનાવી દઈએ ? જો આપણા કરિયરલક્ષી ભણતરનું એક જ લક્ષ્ય ઊંચી ટકાવારી લાવી વિદ્યાર્થીને એની કુદરતી વૃત્તિ - પ્રવૃત્તિ અને પ્રકૃતિ વિરુદ્ધ 'પોપટ' બનાવી દેવાનું હોય તો એ શિક્ષણ ફક્ત ભણેલાં વાંદરા જ સરજી શકે. શિક્ષણનો ઉદ્દેશ તો બાળકમાં રહેલી શ્રેષ્ઠ સંભાવનાઓને ઉજાગર કરવાનો છે એને ઠેકાણે આપણી વર્તમાન અર્થલક્ષી શિક્ષણવ્યવસ્થા બાળકનું બાળપણ છીનવી લઈ એને મારી મચડીને 'ઈચ્છિત લક્ષ્યાંક તરફ ઢસડતું કરે છે. આથી જે નવો ફાલ મળે છે તે સંવેદનાહીન તજજ્ઞોનો બની રહ્યો છે. લાખો રૂપિયા શાળા સંચાલકોનાં ડોઝરમાં ધરબી દઈ વાલી એના બાળકને માટે 'ટકા - પરસન્ટેજ કે પરસેન્ટાઈલ' ખરીદે છે. એથી બાળખનો સાચો વિકાસ તો કયાંક હાંસિયે ધકેલાઈ જાય છે. મેડિકલ અને ઈજનેરી કૉલેજોના રાફડા ફાટ્યા છે. ફાર્મસી અને નર્સિંગ કૉલેજો શેરીએ શેરીએ ફૂટી નીકળી છે. સરકારની કહેવાતી ઉદાર નીતિએ ખરું પૂછો તો શિક્ષણની ઘરો ખોદી છે. યોગ્ય ફૅકલ્ટીઝ ઉપલબ્ધ કરાવ્યા વગરનાં આ કેળવણીનાં કારખાનાં આપણા સંસ્કારધનની હાંસી ઊડાવે છે. એથી ફક્ત લૂંટની જ છૂટ મળે છે. લાખોનો ખર્ચ કરીને ડૉક્ટર બનનાર સેવા થોડી કરશે ?' સરકાર એની વિચારધારાને અનુરુપ વાઈસ ચાન્સેલરો નીમતી રહે છે. કોઈના ચહેરા પર વિદ્વતાનું તેજ વપતાય છે ખરું ? એક તો દાખલો બતાવો જે ઉમાશંકર જોષી કે પ્ર.ચુ. વૈદ્ય કે ડૉલરરાય માંકડ અથવા યશવંત શુક્લની પંગતમાં પાટલો માંડી શકે ? સરકારે શિક્ષણતંત્રમાં વ્યાપેલી ઘોર અરાજકતા વચ્ચે નવરાત્રીની રજાઓ જાહેર કરવાનું પગલું પણ કદાચ એની 'વિચારધારા'ને અનુસાર લીધું હશે. પણ એ યોગ્ય એટલા માટે છે કે એમાં પેલા કુમળા માનસને નવ દિવસની રાહત મળે છે. ત્રાસવાદી ટ્યૂશનોથી મુક્તિ મળે છે. વિદ્યાર્થીને શિક્ષણના ઓઠા હેઠળ નર્યા ત્રાસવાદના માહોલમાં જીવવું પડે છે, તે કયારે સમજાશે ? ખરેખર તો સરકારે આ લાખો-કરોડોનો ઉદ્યોગ બની ગયેલ શિક્ષણના નામે ઊભી કરાયેલી ટંકશાળો બંધ કરાવવાની અને સરકારી શાળાઓને વિશ્વસનીય બનાવવાની દિશામાં વિચારવું જોઈએ. આજે નહીં તો કાલે, આ મુદ્દે સરકાર નહીં વિચારો તો પ્રજાએ પહેલ કરવી જ રહી.

લગ્નેતર સબંધ ગુન્હો ગણાશે નહિ

૧૫૮ વર્ષ જુનો બ્રીટીશ કાયદો રદ કરતી સુપ્રિમ કોર્ટ આઈપીસી કલમ ૪૯૭ રદ બાતલ ઠરાવતો ઐતિહાસીક ચુકાદો

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતીય પરંપરા અને સંસ્કૃતિનું રક્ષણ કરતી કલમ ૧૫૮ વર્ષ બાદ સુપ્રિમ કોર્ટે રદબાતલ ઠરાવી વ્યભિચારને ગુન્હો ગણવામાં નહિ આવે તેમ જાવતો ચુકાદો આપ્યો અને નિતિમતાના તમામ મૂલ્યો બાજુમાં મુકિને ચુકાદો અપાયો હોય તેમ ભારતીય સમાજમાં લાગણી પહોંચી છે.

કલમ ૪૯૭ મુજબ ફકત વિવાહિત પુરૂષનેજ વ્યભિચાર બદલ સજા થતી હતી જે એક તરફી અન્યાઈ હતી અને તે પણ ત્યારે જ સમજાય જયારે સામેવાળા મહિલાના પતિએ ફરીયાદ આપી હોય સદર કલમ હટાવતા સુપ્રિમ કોર્ટે નોંધ્યું કે પુરૂષ સ્ત્રીનોમાલીક કે માસ્ટર નથી કોની સાથે સબંધ રાખવો કે ના રાખવો તે સ્ત્રીની મરજીની વાત છે તેના મૌલીક અધિકારની વાત છે. સુપ્રિમના આ ચુકાદાથી સામાજીક મૂલ્યો નષ્ટ વિશે સામાજીક અધ:પતન આવશે લગ્નજીવન વધારે તુટશે. આમ પણ ઈન્ટરનેટના જમાનામાં વ્યભિચારરને મહત્વ આપતું ન હતું આ ચુકાદાથી વ્યભિચારને પ્રોત્સાહન મળશે તેવો આમ જનમત ઉઠવા પામેલ છે.

આ કાયદાનો અંત આપવા પુરૂષને પણ વ્યભિચારના કેસમાં સજા નહિ થાય પરંતુ છુટાછેડા મેળવવા આધાર તરીકે વ્યભિચાર હજૂ પણ આધાર ગણાશે સુપ્રિમ કોર્ટે હજુ પણ વ્યભિચારને સામાજીક બુરાઈ ના રૂપમાં જ જોતી આવી છે. કલમ ૪૯૭ માં પત્ની ઉપર પતિનો હક્ક હોય એવો ભાવાર્થ થતો હતો જેને સુપ્રિમ કોર્ટે ગેરબંધારણીય ગણી રદ કરી છે. કલમ ૪૯૭ બંધારણની કલમ ૧૪ ના ભંગ સમાન હતી સમાનતાના અધિકારની વિરૂધ્ધ આઈપીસીની કલમ ૪૯૭ તે ગણવામાં આવતી હતી જો કોઈ અપરાધ માટે પુરૂષ વિરૂધ્ધ કેસ દાખલ થઈ શકે તો તે જ અપરાધમાં આવેલ થવા બદલ સ્ત્રી ઉપર કેમ કેસ ન થઈ શકે?

આ કાયદો બીજી એક બાબત ઉપર પણ ભાર મુકતો હતો કે વ્યભિચારના મામલામાં ફરીયાદ કરવાનો અધિકાર માત્ર પુરૂષને છે અને એ પણ એ પુરૂષ કે જેની પત્ની બીજા પુરૂષ સાથે વ્યભિચાર આચરતી હોય સબંધ બાંધલ હોય પરંતુ મહિલાને ફરીયાદ કરવાનો અધિકાર ન હતો જેના પતિએ કોઈ અન્ય મહિલા સાથે સબંધ બાંધ્યો હોય આમ એકતરફી સમાનતાના હક્કભંગ સમાન ગણી કમલ ૪૯૭ રદબાતલ ઠરાવેલ છે.

આ કાયદો મહિલાની આઝાદી સામે પણ કેટલાક પ્રશ્નો કરતો હતો પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રીને પરપુરૂષ સામે સબંધ રાખવા માટે પતિની સમંતિની જરૂર પડે પરંતુ પતિએ આવો સબંધ બાધવા માટે પત્નીની સમંતિની જરૂર નહિ સ્ત્રી કોઈની સામે સબંધ બાધે એ એના પસંદગીનો સવાલ છે વ્યક્તિએ સ્ત્રીના વ્યક્તિગત પસંદગી ના પસંદગીનું ધ્યાન રાખવું જોઈએ.

૧૫૮ વર્ષ ઉપરાંતથી ચાલ્યા આવતા બ્રીટીશ કાયદા ઉપર પહેલા પણ પ્રશ્નો ઉભા થયા હતા પરંતુ ત્યારે ખુલ્લી વિચારસણી વાળા માણસોનો અભાવ હતો બન્ને તરફ વિવાદી વલણ, અસમાનતાનું પલ્લુ વ્યક્તિગત વિચારસણી સ્ત્રીની આઝાદી વિગેરે બાબતોનો અભ્યાસ કરી નવો કાયદો બનાવવો જોઈએ લૉ કમિશનરે ૧૯૭૧ માં આ બાબતે પોતાના વિચારો સુપ્રિમ કોર્ટમાં રજુ કરેલ બ્રીટીશ રાજયમાં વ્યભિચારને અપરાધગણી કાયદો ઘડવામાં આવેલ પરંતુ તેમા સ્ત્રી સમાનતાના પાસાનો વિવાદ કરવામાં આવ્યો ન હતો કારણ કે તે સમયે સમાજ પુરૂષ પ્રધાન હતો સાંપ્રત સમાજમાં મહિલાઓને પુરૂષ સમોવડું સ્થાન આપવામાં આવતા સ્ત્રી પુરૂષ સમાનતાની વાત ચોક્કસ થાય પરંતુ લૉ કમિશને સ્વીકારેલ કે આ કાયદો રદ કરવાનો સમય હજુ પાકયો નથી. પશ્ચિમના દેશની વાત અલગ છે ત્યાંનું વાતાવરણ સંસ્કૃતિ, સંસ્કાર અલગ હિસ્સો છે તેનું આંધળુ અનુકરણ ભારત સંસ્કાર, સંસ્કૃતિને માનનારા દેશમાં ના કરી શકાય તેવો માનનાર વર્ગ મોટી સંખ્યામાં હજુ હયાત છે.

કેરળના જોસેફ સાઈન નામની વ્યક્તિની અરજીના કારણે વ્યભિચારના આખા કાયદામાં ઘટમુળમાંથી ફેરફાર કરવો પડેલ છે. બે વયસ્ક વ્યક્તિ વચ્ચેની આપસી સંમતિથી થતા યૌન સબંધને વ્યભિચાર ગણી શકાય નહિ પરંતુ સામાજીક મર્યાદા નીતિ નિયમો ધારા ધોરણો લગ્નજીવનના નિયમો આચાર વિચાર અને સંસ્કારનું પાલન કરવાની દરેકની વ્યક્તિગત જવાબદારી અને ફરજ છે તેને ફરજીયાત ના કરી શકાય સમાનતાનો અધિકાર સ્ત્રી પુરૂષ બન્નેને સમાન છે જો આ કલમ રદબાતલ થતા લગ્ન સંસ્થા માટે પડકારરૂપ જોખમરૂપ ગણાવ્યા છે.

હવે લગ્નેતર સબંધો માટે સ્ત્રી અને પુરૂષ બન્ને સ્વતંત્ર છે ત્યારે વ્યભિચારના મામલાઓ અદાલતોમાં નહિ આવી પરંતુ છુટાછેડાના પ્રમાણમાં વધારો થશે કોઈ પત્ની પોતાનો પતિ વ્યભિચારી હોય તે સહન ના કરી શકે તે જ રીતે કોઈ પતિ પોતાની હયાતી દરમ્યાન અન્ય પુરૂષ સાથે સબંધ બાંધે તે સ્વીકારી શકે તેટલો સમાજ આધુનિક નથી તેથી વ્યભિચારના કેસો સમાપ્ત થતા લગ્નજીવનના કેસો ઉભા થશે અને પરિણામે આવનારર પેઢીને લગ્ન સંસ્થા ઉપરથી વિશ્વાસ ઉઠી જશે. છુટાછેડાનું પ્રમાણ ચોક્કસ વધશે છુટાછેડા લેવા માટે વ્યભિચારને એક મજબુત કારણ ગણી હથીયાર તરીકે ઉપયોગ કરવામાં આવશે. સ્ત્રી પુરૂષના પરસ્પર સમંતીથી લગ્નેતર બંધાતા યૌન સબંધો કાયદેસર હોઈ શકે પરંતુ નૈતિક તો નથી જ.

પ્રવાસો લાખચોરાસી થયા પણ કોઈ ના સમજ્યું, બધા ગુણધર્મ એના એ જ છે સઘળા શરીરોના

આમ તો એ ફાંદ જેવું છે,
દૂરથી એ ચાંદ જેવું છે.
કોઈ રીતે ના ભરાતું એ,
જાણે કોઈ નાંદ જેવું છે

- પારસ એસ. હેમાણી (રાજકોટ)

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

આજના આ હાઈટેક યુગમાં લોકો પાસે ભૌતિક સુગસગવડો અને એશઆરામના તમામ સાધનો હોય છે. આપણેબધા જીવનમાં કોઈ ને કંઈ પામવાની, મેળવવાની, આશામાં એટલા મહત્ત્વાકાંક્ષી અને સ્વકેન્દ્રી બની જતા હોઈએ છીએ કે તેની પાછળ ગુમાવેલી અસંખ્ય ક્ષણો અને શરીરનો લેવાયેલો ભોગ આપણે પિછાણી શકતા નથી. અને જયારે આ તમામ બાબતોથી આપણે પરિચિય થઈએ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે. શરીર રાતોરાત બળવો નથી પોકારતું પણ એના પરના અત્યાચારથી તમામ હદ આપણે વટાવી જઈએ છીએ અને શરીર પ્રત્યે સભાન બની જઈએ છીએ. પણ એમાં પણ આરંભ શૂરાની જેમ શરુઆતમાં ખૂબ જોશ અને ઉત્સાહથી કસરત ડાયેટ કરીએ છીએ પણ એકધાર્યું વધુ પડતું નિયંત્રણ આપણને ગમતું નથી. માટે ૬-૮ મહિના બાદ દબાયેલી સ્પ્રિંગ જેમ ઉછળે તેમ વધુ ખાઈ-ખાઈને શરીરને પાછું બગાડી બેસીએ છીએ. નિયમિતતા એ માત્ર શરીર માટે જ નહીં પણ જીવનની અન્ય કેટલીય બાબતો માટે ખૂબ આવશ્યક બાબત છે.

આજના સમયમાં વાહનો વધવાથી ચાલવાનું સાવ ઘટી ગયું અને લિફ્ટ આવતા સીડી ચડવાનું પણ બંધ થયું. પરિણામે, શરીર ભારે થયા અને પગના તેમજ ઘૂંટણના ઘસારાના મેડિકલ ખર્ચા પણ ખૂબ વધ્યા. ફિલ્મના હીરો-હીરોઈન પોતાનું શરીર પૂરેપૂરું સાચવે અને આપણને કોલાકોલા અને ઠંડા પીણાની જાહેરાતોથી ગેરમાર્ગે દોરે. યુવા પેઢી તેમને પોતાના આદર્શ માનતી હોવાના કારણે ઠંડા પીણાનું મોટા પ્રમાણમાં સેવન કરે છે. પણ સામે એટલો પરિશ્રમ ન કરવાને કારણે આ બધું જ સીધેસીધું body fat માં પરિવર્તિત થઈ જાય છે અને સાવ નાની ઉંમરથી જ પેટ મોટું હોવાની સમસ્યા સૌને સતાવે છે. એક પંખીને ઉડવા માટે મજબૂત પાંખો અને હલકું શરીર અનિવાર્ય છે.

તે જ રીતે આપણને પણ સ્ફૂર્તિમાં રહેવા માટે મક્કમ મનોબળ અને સ્વસ્થ શરીરની ખૂબ જરૂર છે. આજકાલ મોબાઈલ પર વાઈરલ થયેલો મેસેજ ખરેખર સાચો લાગે :

''સ્વાદ છોડો એટલે શરીર સ્વસ્થ
અને વિવાદ છોડો એટલે સંબંધ.''

આજકાલ સર્જકી બાદ ફાંદ ઘટાડવાનો એક ટ્રેન્ડ પણ ઘણો પ્રચલિત થયો છે. મોટા - મોટા અમીરોના ફાંદ કઢાવવા માટેના દરેક પ્રયત્નો જયારે નિષ્ફળ નિવડે ત્યારે તેઓ સર્જરી જેવા મોટા પગલાને આવકારદાયક માને છે. શરીર પરની આળી શસ્ત્રક્રિયાના મોંઘા પ્રયોગો કર્યા બાદ પણ યોગ્ય અને પદ્ધતિસરનું જીવન આપણે ન જાળવી શકીએ તો તેનો કોઈ અર્થ સરતો નથી. આ શરીર એ ઈશ્વરની દેન છે અને એમાં ફાંદરૂપી ગ્રહણ કયારેક ન આવે એની કાળજી લેવાની આપણી પોતાની જ ફરજ છે. ડૉ. નિમિત્ત ઓઝા સરસ વાત લેખે છે :

પ્રિય પ્રભુ ને નમ્ર અરજી...
એવી ખુમારીથી જીવ્યા છીએ કે ...
કોઈના પર ડીપેન્ડન્ટ રહેવાનું નહીં જ ફાવે....
પોતાના શ્વાસ છોડી ને ઉધાર ના શ્વાસ નહિ ફાવે...
અને... એટલે જ... કદાચ...
વેન્ટીલેટર ઉપર રહેવું પણ નહીં ફાવે...
શરીરમાં પાંચ જગ્યાએ નળીઓ ભરાવેલી હોય...
અને ખાટલા પર પાથરેલી કોઈ જૂની... કરચલીઓવાળી ચાદરની
જેમ પડ્યા હોઈએ
ત્યારે નહિ મારતો...!
પણ...
મંદિરમાં સાંજ ટાણે દીવો કર્યો હોય...
અને ...
કોઈ સુગંધી પવનની એક થપાટ સાથે ....
એ દીવો ઠરે, એવી રીતે અમને ઠારજે હોં...કે
હે ઈશ્વર, અમે પૂરેપૂરા જીવતા હોઈએ ને....
ત્યારે જ મારજે...
પાનખર આવવાની રાહ જોઈને,...
ડાળી ઉપર લટકી રહેલા શ્વાસ...
અમારાથી નહિ જોવાય ...
જેમની સાથે આખી જિંદગી વિતાવી છે...
એ બધા લોકોને કેવી રીતે કહી શકશું ગૂડબાય?
તું મૃત્યુને તૈયાર થતી પત્નીઓની જેમ મોકલતો નહિ...
કે...એ... 'આવું છું..આવું છું'
કહીને! ક્યાંય...સુધી રાહ જોવડાવે...
તું મૃત્યુને ઘરમાં રહેલા કોઈ વડીલના આશીર્વાદની ...
જેમ... મોકલજે કે....
ખબર પણ ન પડે અને વરસી જાય.
તેં જીવતર નામની ઘાત આપી છે....
તો એ ઘાતમાંથી પણ તું જ ઉગારજે...
હે ઈશ્વર ?
અમે પૂરેપૂરા જીવતા હોઈએ ને...
ત્યારે જ અમને મારજે.
તારે દુવાઓ નથી જોઈતી ?
જીવ બચ્યા કરતા જીવ ગયાની !
તને વધારે દુવાઓ લાગશે.
કોઈપણ જાતની નોટીસ વગર,
આમ અચાનક તારા ઘરે આવીએ !
તો સાચું કહી દે ઈશ્વર શું તને એમ ફાવશે ?
સુખની યાદીમાં નામ ન રાખે તો કાંઈ નહિ...
યમરાજની યાદી વખતે તો અમને સંભારજે
...હે ઈશ્વર?
અમે પૂરેપૂરા જીવતા હોઈએ ને...
ત્યારે જ અમને મારજે...

- ડૉ. નિમિત્ત ઓઝા

Last Seen :
પ્રવાસો લાખચોરાસી થયા પણ કોઈ ના સમજ્યું,
બધા ગુણધર્મ એના એ જ છે સઘળા શરીરોના.

- જાતુષ જોશી

- nehalgadhavi101@gmail.com

ખોબલા જેવડા દેશ માલદીવમાં સત્તાપરિવર્તનનું લોકતાંત્રિક મહત્વ

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

દુનિયાભરમાં આજકાલ ચર્ચાસ્પદ બનેલા માત્ર ૩૫૦,૦૦૦ની વસ્તી ધરાવતા અને માંડ ૨૯૮ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવતા ભારતને દક્ષિણ છેડે અરબી સમુદ્રમાં આવેલા શ્રીલંકન સિંહાલી ગોત્રની મુસ્લિમ વસ્તી ધરાવતા બટુક દેશ માલદીવ ભણી દુનિયાની નજરો મંડાયેલી છે. અહીં લોકશાહી જીવતી રાખવા માટે રાષ્ટ્રપતિપદના ભારતતરફી વિપક્ષી ઉમેદવાર ઈબ્રાહીમ મોહમદ સોલીહ (ઈબુ)નો વિજય થયો, એમ કહેવા કરતાં પ્રોગ્રેસિવ પાર્ટીના ઉમેદવાર અને ચીનના આંગળિયાત એવા ભારતવિરોધી વર્તમાન રાષ્ટ્રપતિ અબદુલ્લા યામીનનો પરાજય થયો; એનું સવિશેષ મહત્વ છે. આર્થિક મદદની આડશે ભારતફરતે આવેલા દેશો નેપાળ, પાકિસ્તાન, શ્રીલંકા, માલદીવ, બાંગલાદેશ અને મ્યાનમાર પર ચીને પોતાનો પ્રભાવ સ્થાપવામાં સફળતા મેળવી છે. આવા સમયે માલદીવ ફરી ભારત તરફી વલણ ધરાવે તો એ દિલ્હી માટે તો હરખ કરવા જેવું લેખાશે. બારસો ટાપુઓનો દેશ સમુદ્રની જળસપાટીથી માત્ર ૬ ફીટની ઉંચાઈવાળો છે. દુનિયાભરના પર્યટકો માટે સ્વર્ગ સમાન રમણીય દેશની પ્રજા શાંતિપ્રિય હોવા છતાં એને લોકશાહી સદતી હોય એવું લાગતું નથી.રાજધાની માલેમાં વારંવાર બળવા થાય છે. તાનાશાહી શાસન હેઠળ વિરોધી અવાજને જેલમાં ઠાંસી દેવાની પરંપરા સામાન્ય છે. એટલી હદ સુધી કે ગયા ફેબ્રુઆરીમાં દેશની સુપ્રીમ કોર્ટે વિપક્ષી નેતાઓને છોડી મૂકવાનો આદેશ કર્યો તો મુખ્ય ન્યાયાધીશને જ જેલભેગા કરી દેવાયા.પૂર્વ રાષ્ટ્રપતિઓના જેલવાસ કે અન્ય દેશોમાં રાજ્યાશ્રય એ કાંઈ નવીનવાઈની વાત નથી. ગમે ત્યારે ઈમર્જન્સી હેઠળ મૂકાઈ જતા આ દેશના ભારત સાથેના સંબંધો વર્ષ ૨૦૧૩ લગી સુમધુર રહ્યા હતા,પણ વર્ષ ૨૦૦૮ના નવા લોકશાહી બંધારણ હેઠળ યોજાયેલી વર્ષ ૨૦૧૩ની ચૂંટણીમાં અબદુલ્લા યામીન ચૂંટાયા પછી એમણે ચીનનું પડખું સેવવા માંડ્યું. છેલ્લે છેલ્લે તો એ ભારતને આંખો કાઢતા થઈ ગયા હતા.પરાજિત રાષ્ટ્રપતિ યામીનની મુદત નવેમ્બર મહિના સુધી છે એટલે ગ્રહણ ટાણે સાપ નીકળે નહીં તો નવા રાષ્ટ્રપતિ સોલીહ નવેમ્બર ૨૦૧૮માં હોદ્દો ગ્રહણ કરશે.

પરિણામને ભારત-ચીનનો પ્રતિસાદ

ચીનના કહ્યાગરા અને પાકિસ્તાનના માનીતા રાષ્ટ્રપતિ યામીનનો પરાજય અનેકોને માટે આશ્ચર્ય ઉપજાવે એવી ઘટના હતી. ઈબુએ વર્તમાન રાષ્ટ્રપતિ અબદુલ્લાને ૩૮,૦૦૦ મતથી હરાવ્યા ત્યારે સૌથી પહેલાં ભારતે એમને અભિનંદન આપ્યા હતા.માલદીવ ડેમોક્રેટિક પાર્ટીના વિજેતા ઉમેદવારને ૧૩૪,૬૧૬ (૫૮.૬%) મત અને પરાજિત રાષ્ટ્રપતિને ૯૬,૧૨૩ (૪૧.૬%) મત મળ્યા. અગાઉ ૨૦૦૮માં મોહમ્મદ નશીદે

- ચીનના આંગળિયાત વર્તમાન રાષ્ટ્રપતિ યામીન સામે ભારતતરફી વિપક્ષી ઉમેદવાર સોલીહ (ઇબુ)નો વિજય થયો
- ત્રણ-ત્રણ દાયકા સુધી લોખંડી પંજાથી શાસન કરનાર ઓરમાન ભાઈ ગયૂમને પણ યામીને જેલમાં નાંખ્યા હતા
- ૧૯૮૮માં ગયૂમ સરકારને ઉથલાવવા માટે બળવાને વડાપ્રધાન રાજીવ ગાંધીને પાઠવેલા સૈનિકોએ નિષ્ફળ બનાવ્યો
- શ્રીલંકાના રાષ્ટ્રપતિ વિક્રમસિંઘેને માલદીવના તાનાશાહી શાસન માટે જાણીતા રાષ્ટ્રપતિ યામીનને રાજ્યાશ્રય ઓફર કર્યો

રાષ્ટ્રપતિ મૌમૂન અબ્દુલ ગયૂમને ૧૫,૦૦૦ મતથી હરાવ્યા હતા.એ પછી વર્ષ ૨૦૧૩ની ચૂંટણીમાં વર્તમાન રાષ્ટ્રપતિ યામીને અગાઉના રાષ્ટ્રપતિ નશીદને ૬,૦૦૦ મતથી હરાવ્યા હતા. હમણાં જે ચૂંટણી થઈ એમાં વિજેતા રાષ્ટ્રપતિને અભિનંદન આપવામાં ચૂંટણી પંચની સત્તાવાર જાહેરાત થાય એની ચીને પ્રતીક્ષા કરી. એ પછી ચીને માલદીવમાં અબજો ડોલરનું રોકાણ કર્યાનું યાદ દેવડાવીને નવા રાષ્ટ્રપતિ ''ભારતનાં હિતને બદલે માલદીવનાં હિતનો વિચાર કરીને શાસન કરશે'' એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. નવનિર્વાચિત રાષ્ટ્રપતિ સોલીહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના શપથગ્રહણ સમારંભમાં પધારવા માટે નિમંત્રણ આપી જ દીધું છે.સ્વાભાવિક રીતે ચીનને આ સઘળા ઘટનાક્રમથી નારાજ થવાનો મુદ્દો મળે છે,પણ એ રાજદ્વારી સંબંધોને વધુ મજબૂત રાખવા માટે પ્રતિબદ્ધ છે.ચીનની આંખોમાં એશિયાના દેશો જ નહીં, સમગ્ર વિશ્વમાં પોતાના પ્રભાવ પાથરવાનાં સાપોલિયાં રમે છે. શ્રીલંકા એની સાથે છે.સ્વાભાવિક રીતે કોલંબોના આર્થિક સંકટમાં ચીન એની પડખે રહ્યું છે.એનો ફાયદો બીજિંગ ઉઠાવે એ પણ એટલું જ સહજ છે.

રાષ્ટ્રપતિઓનો જેલવાસ કે રાજ્યાશ્રય

વર્ષ ૨૦૦૮માં ચૂંટાયેલા રાષ્ટ્રપતિ નશીદનું વર્ષ ૨૦૧૨માં બંદૂકની અણીએ રાજીનામું લખાવી લેવાયું હતું અને એમના જ ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ વાહીદ હસન વિવાદાસ્પદ સંજોગોમાં રાષ્ટ્રપતિના હોદ્દે ચડી બેઠા હતા.એ પછી વર્તમાન રાષ્ટ્રપતિ અબદુલ્લા યામીન ચૂંટાઈને ૨૦૧૩માં સત્તારૂઢ થયા. જોકે માલદીવ પર ત્રણ-ત્રણ દાયકા સુધી તાનાશાહના લોખંડી પંજાથી શાસન કરનાર પોતાના ઓરમાન ભાઈ મૌમૂન અબ્દુલ ગયૂમને પણ અબ્દુલ્લાએ જેલમાં નાંખેલા હતા. હમણાં યામીન પરાજિત જાહેર થયા પછી વડી અદાલતે ગયૂમને જમીન પર છોડ્યા છે. બીજા રાષ્ટ્રપતિ રહેલા મોહમ્મદ નશીદ તો માલે ખાતેના ભારતીય દૂતાવાસમાં શરણ લઈને મે ૨૦૧૬માં બ્રિટનમાં રાજ્યાશ્રય મેળવવામાં સફળ થયા હતા. ઉપરાષ્ટ્રપતિ રહેલા એહમદ આદીબ રાષ્ટ્રપતિ યામીનની હત્યાની સાજીશના ખટલામાં ૧૫ વર્ષની સજા ભોગવી રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૧૬માં ઈસ્લામી વિપક્ષી પક્ષ અદાલત પાર્ટીના નેતા શેખ ઈમરાન અબ્દુલ્લાને સરકાર વિરુદ્ધ આતંકી કાર્યવાહીના ખટલામાં૧૨ વર્ષ માટે જેલમાં ઠૂંસી દેવાયા છે. વિરોધી અવાજને કચડી નાખવાની માલદીવની પરંપરા ૨૦૦૮ના લોકશાહી બંધારણ હેઠળ પણ તેમાં વિકૃતિઓ આણીને અમલમાં રહી છે.ચીનના ખડપામાં ઘૂસીને તો રાષ્ટ્રપતિ અબદુલ્લાએ ૭૯ મિલિયન અમેરિકી ડોલરના મહાકૌભાંડ સહિતનાં કૌભાંડોની શ્રેણીનાં દર્શન કરાવ્યાનું અલ-જઝીરા ટીવીએ બેનકાબ કર્યું હતું.

બળવાઓની પરંપરામાં ભારત મદદે

અરબી સમુદ્રમાં આવેલા દક્ષિણ ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષ્યદ્વીપને પડખે આવેલા માલદીવમાં સરકારોને ઉથલાવવા માટે બળવાઓની પરંપરા રહી છે. હવે એ સમાપ્ત થશે એવું ખાતરીપૂર્વક કહી શકાય નહીં. ભારતની મૈત્રી એને માટે કાયમ હૂંફ બની રહી છે.વર્ષ ૧૯૮૦ અને ૧૯૮૩માં ગયૂમ સરકાર સામે બળવાની કોશિશો થઈ હતી,પરંતુ એ દબાવી દેવામાં એમને સફળતા મળી હતી.વર્ષ ૧૯૮૮માં ગયૂમ સરકારને ઉથલાવવા માટે શ્રીલંકાના ખૂનખાર તમિળ ત્રાસવાદી જૂથના ૮૦ ભાડૂતી સૈનિકોએ રાજધાની માલેનાં મોટાભાગનાં સરકારી ભવનો અને એરપોર્ટ પર કબજો કરી લીધો હતો. સદનસીબે મદદ માટેના રાષ્ટ્રપતિ ગયૂમનો સંદેશો ભારતીય વડાપ્રધાન રાજીવ ગાંધીને પહોંચાડાયો. ભારત સરકારે ગયૂમને ભાગી છૂટવામાં મદદ કરી અને એ બચી ગયા હતા. ભારતીય લશ્કરના ગુપ્ત ''ઓપરેશન કેક્ટસ'' હેઠળ વડાપ્રધાનના આદેશથી ૧૬૦૦ ભારતીય સૈનિકોની ટૂકડીને પેરાશૂટથી માલદીવમાં ઉતારાઈ. બળવામાં સામેલ તમામને ઝબ્બે કરી લેવાયા હતા. શ્રીલંકામાં ફાર્મ ધરાવતા અબદુલ્લા લુથુફીનો આ બળવા પાછળ હાથ હોવાનું મનાયું હતું.એ વેળાના અમેરિકી રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગન અને બ્રિટિશ વડાપ્રધાન માર્ગરેટ થેચરે ભારત સરકારની માલદીવને સંકટ સમયની સહાયનાં વખાણ કર્યાં હતાં. શ્રીલંકામાં અલગ તમિળ

અનુસંધાન પાના નં ૭ પર